અપીલ અરજી નં.૧૦૫ તા.૨૧–૭–૦૮

અરજદાર: શ્રી ઈકબાલભાઈ મુસાભાઈ પટેલ

સામાવાળા:આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (યુસીડી)

**હુકમ:–**

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઈકબાલભાઈ મુસાભાઈ પટેલની આઈ ડી. નં.૨૬૬/૨૬૭ તા.૧૭–૬–૦૮ ની અરજીથી એસ.જે.એસ.આર.વાય યોજના હેઠળ યુસીડી ખાતા ધ્વારા તાલીમ કાર્યક્રમ માટે સને ૨૦૦૧થી આજદિન સુધીમાં જુદી જુદી પરીષદ અને ધ્વાકુઆ જુથને કેટલી ગ્રાન્ટ આપવામાં આવી છે તેમજ તેઓ ધ્વારા રજુ કરવામાં આવેલ યુટીલીટીની નકલ તેમજ યુસીડી ખાતા ધ્વારા સને ૨૦૦૧–૦૨ બીપીએલના કેટલા કુંટુંબનું સર્વે કરવામાં આવ્યુ સર્વે થયા પછી કેટલા કુંટુંબને બીપીએલ કાર્ડ આપવામાં આવ્યા સદર વર્ષે ગુજરાત મ્યુ. ફાઈનાન્સ બોર્ડ ધ્વારા યુસીડી ખાતાને કેટલી રકમની ગ્રાન્ટ મળેલ તથા તે વર્ષે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, ખર્ચની ચુકવણી ચેકથી કરવામાં આવી કે રોકડેથી રોકડેથી કરેલ હોય તો તેના કારણ વિગેરે માહિતી વિગતવાર તારીખ અને રકમ સહિત પૂરી પાડવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૧–૭–'૦૮ ની અપીલ અરજી નં.૧૦૫/૨૦૦૮–૦૯ તથા અરજદારની તા.૧૮–૮–૦૮ ની અપીલ અન્વયે પૂરક રજૂઆત કરતો પત્ર.

શ્રી ઈકબાલભાઈ મુસાભાઈ પટેલની આઈ ડી. નં.૨૬૬/૨૬૭ તા.૧૭–૬–૦૮ ની અરજીથી એસ.જે.એસ.આર.વાય યોજના હેઠળ યુસીડી ખાતા ધ્વારા તાલીમ કાર્યક્રમ માટે સને ૨૦૦૧થી આજ દિન સુધીમાં જુદી જુદી પરીષદ અને ધ્વાકુઆ જુથને કેટલી ગ્રાન્ટ આપવામાં આવી છે તેમજ તેઓ ધ્વારા રજુ કરવામાં આવેલ યુટીલીટીની નકલ યુસીડી ખાતા ધ્વારા સને ૨૦૦૧–૦૨ બીપીએલના કેટલા કુંટુંબનું સર્વે કરવામાં આવ્યુ સર્વે થયા પછી કેટલા કુંટુંબને બીપીએલ કાર્ડ આપવામાં આવ્યા સદર વર્ષે ગુજરાત મ્યુ. ફાઈનાન્સ બોર્ડ ધ્વારા યુસીડી ખાતાને કેટલી રકમની ગ્રાન્ટ મળેલ તથા તે વર્ષે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, ખર્ચની ચુકવણી ચેકથી કરવામાં આવી કે રોકડેથી રોકડેથી કરેલ હોય તો તેના કારણ વિગેરે માહિતી વિગતવાર તારીખ અને રકમ સહિત પૂરી પાડવા બાબતે ઈ.ચા. ચીફ પ્રોજેકટ ઓફિસર અને મ. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી હકારાત્મક પ્રત્યુત્તર ન મળતાં એપેલેટ ઓફિસરને તા.૨૧–૭–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૭૩ તા.૩૧–૭–૦૮ ના રોજ આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (યુસીડી) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને આજ દિન સુધી પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી. પરંતુ મ.જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પાઠવેલ માહિતી પત્રોની નકલો મળેલ છે.

અરજદારને ઈ.ચા. ચીફ પ્રોજેકટ ઓફિસર અને મ. જાહેર માહિતી અધિકારી ધ્વારા આઈ ડી. નં.૨૬૬ તા.૧૭–૬–૦૮ અંગે તેમના પત્ર નં.યુસીડી/૬૨૬ તા.૧૮–૭–૦૮ થી દિન–૧ ના વિલંબથી માંગેલ માહિતી પૂરી પાડયાનું જણાય છે. જયારે અરજદારને મ.જાહેર માહિતી અધિકારી તરફથી આઈ ડી.નં.૨૬૭ તા.૧૭–૬–૦૮ અંગે માહિતી પૂરી પાડવા માટે યુસીડી/૬૩૪ તા.૨૧–૭–૦૮ થી પત્ર પાઠવવામાં આવેલ છે. અરજદારે રસીદ નં.૧૪૭૯૫૨ તા.૨૨–૭–૦૮ થી દસ્તાવેજ ફી ભર્યાની રસીદ રજુ કરેલ છે. આ રીતે અરજદારને મ.જાહેર માહિતી અધિકારી તરફથી માંગ્યા મુજબની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તે દરમ્યાન અરજદારે તા.૨૧–૭–૦૮ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં ૩૦ દિવસ પછી કોઈ હકારાત્મક પ્રત્યુત્તર મળેલ નથી તેવું અરજદારે જણાવેલ છે. અરજદારને માહિતી દિન–૫ ના વિલંબથી મળેલ છે. જયારે સંદર્ભ–૨ માં અપીલ અંગે પૂરક પત્રથી અરજદારે આપેલ જવાબ નહીં આપ્યા બરાબર છે તથા અધૂરી અને સંતોષકારક નથી તેવું જણાવે છે પરંતુ તે અંગે કોઈ આધાર પુરાવા રજુ કરેલ નથી.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૧૭–૬–૦૮ ની આઈ ડી.નં.૨૬૬ અને ૨૬૭ ની અરજીમાં માંગ્યા મુજબની માહિતી ઈ.ચા.ચીફ પ્રોજેકટ ઓફિસર અને મ.જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદાર અસંતોષકારક કે અધૂરી માહિતીના દાવાના સમર્થનમાં કોઈ આધાર રજૂ કરી શકેલ નથી. તેમ છતાં અરજદાર ફાઈલનું ઈન્સ્પેકશન કરવા ઈચ્છતા હોય તો લાગત જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી દિન–૭ માં કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી તેમ કરી શકે છે. અરજદારની માંગણી થયેથી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન ધ્વારા હુકમની અમલવારી કરી તેનો પૂર્તતા અહેવાલ અત્રે મોકલવા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

અરજદારની પેનલ્ટી અને વળતર અંગેની અપીલમાંની રજૂઆત બાબતે કાયદાની કલમ–૨૦ (૧) અને ૧૯ –૮(બી) હેઠળ સત્તા રાજય માહિતી આયોગને જ હોઈ તે અંગે અત્રેથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

નં. આરટીઆઈ સેલ/

તારીખ : –૮ –૦૮.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ,***

(૧)આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,(યુસીડી)..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી ઈકબાલભાઈ મુસાભાઈ પટેલ,